# 2nd edition of North East India Festival (July 29-31, 2022)

## ઉત્તર પૂર્વ ભારત મહોત્સવનું 2જું સંસ્કરણ (29-31 જુલાઈ, 2022)

01 ઓગસ્ટ, 2022

ઉત્તર પૂર્વ ભારત મહોત્સવનું 2જું સંસ્કરણ બેંગકોકમાં સેનટ્રલ વર્લ્ડ ખાતે 29-31 જુલાઈ 2022 નાં રોજ ભારતનાં ઉત્તર પૂર્વિય રાજ્યો અને મેસર્સ ટ્રેન્ડ એમએમએસ સાથે સંલગ્નતામાં ભારતનાં દૂતાવાસ દ્વારા યોજવામાં આવ્યું હતું. મેઘાલય અને નાગાલેન્ડનાં મુખ્યમંત્રીઓ, અરુણાચલ પ્રદેશનાં નાયબ મુખ્યમંત્રી અને ભારતનાં ઉત્તર પૂર્વિય રાજ્યોનાં અન્ય મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં 30 જુલાઈ 2022 નાં રોજ યોજાયેલ ભવ્ય સમારોહમાં થાઈલેન્ડની સરકારનાં નાયબ વડાપ્રધાન અને વાણિજ્ય મંત્રી શ્રીમાન જુરિન લુકસાનાવિસિત અને ભારત સરકારનાં રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી ડૉ. રાજકુમાર રંજન સિંઘ દ્વારા સંયુક્ત રીતે આ મહોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

2. પ્રારંભિક સત્રમાં વાત કરતા, રાજ્ય કક્ષાનાં મંત્રીએ ભારત અને થાઈલેન્ડ વચ્ચે મજબૂત વ્યાપાર અને વાણિજ્યીક સંબંધો અને લોકોનાં પરસ્પરનાં સંપર્ક પર પ્રકાશ પાડ્યો હતો. શ્રીમાન જુરિન દ્વારા રાજ્યો સહિત ભારત સાથે વ્યાપાર અને રોકાણનાં જોડાણો મજબૂત કરવામાં થાઈ પક્ષનાં આતુર રસને વ્યક્ત કરવામાં આવ્યો હતો. થાઈલેન્ડ ASEAN પ્રાંતમાં ભારતનો 4થો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર દેશ છે. ઉત્તર પૂર્વ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, તેને દક્ષિણ પૂર્વ એશિયા સાથે જોડવું અને ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષિય હાઈવે પૂર્ણ થવાથી ભારત અને દક્ષિણ પૂર્વ એશિયન દેશો વચ્ચે વધારે વ્યાપાર, રોકાણ અને પ્રવાસીઓને સુવિધા પ્રદાન કરશે. વ્યાપાર અને પ્રવાસનને વેગ આપવા માટે ઉત્તર પૂર્વ ભારત અને થાઈલેન્ડ વચ્ચે સીધા હવાઈ જોડાણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. રાજ્ય કક્ષાનાં મંત્રીએ થાઈલેન્ડનાં નાયબ વિદેશ મંત્રી શ્રીમાન વિજયત ઈસારાભાકડી સાથે 29 જુલાઈ 2022 નાં રોજ દ્વિપક્ષીય મીટિંગ પણ યોજી હતી અને પરસ્પર હિતનાં મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

3. ઉત્તર પૂર્વ ભારત અને થાઈલેન્ડ વચ્ચે વ્યાપાર, રોકાણ અને પ્રવાસનનાં પ્રચાર તેમજ લોકોનાં પરસ્પર અને શૈક્ષણિક આદાનપ્રદાનો પર આ મહોત્સવ ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતનાં ઉત્તર પૂર્વિય રાજ્યો માંથી કલાકારો, કારીગરો, વ્યાપારીઓ/પ્રદર્શકો, ટૂર ઓપરેટરો, નિષ્ણાંતો અને શિક્ષણવિદોની વિશાળ ટૂકડીએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. આ મહોત્સવ દરમિયાન લઘુ અને મધ્યમ ઉદ્યોગ ગૃહો દ્વારા નિર્મિત ઉત્પાદનોની વિશાળ શ્રેણી દર્શાવતું પ્રદર્શન; પ્રવાસનની B2B બેઠક અને વ્યાપારની બેઠક; અને ઉત્તર પૂર્વ ભારત અને દક્ષિણ પૂર્વ એશિયા વચ્ચે ઐતિહાસિક જોડાણ પર શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

4. આ વર્ષે, આ મહોત્સવનો સંગમ ભારત અને થાઈલેન્ડ વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ સાથે અને 'આઝાદીનો અમૃત મહોત્સવ' ની ઉજવણી સાથે થયો હતો.

**નવી દિલ્હી**
**01 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.